ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગર વરસાદી પાણીમાં ઘમરોળાયુ

## સેક્ટરોમાં વરસાદી પાણી ફરી વળ્યા : કોમન પ્લોટ બેટમાં ફેરવાયા : મુખ્ય તેમજ આંતરિક માર્ગો પર વરસાદી પાણી ઉભરાયા : ઠેર ઠેર ગાબડા ટ્રાફિક જામ વાહનો ખોટવાયા : વૃક્ષો ધરાશાયી : જનજીવન અસ્તવ્યસ્ત : શહેરીજનો મેઘરાજાની ઓહોશમાં : આકાશમાં વરસાદી વાદળો યથાવત


ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસથી સતત વરસતા વરસાદે આજે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. શહેરમાં ગત મોડીરાતથી ધોધમાર વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. રાત્રિ દરમિયાન જ સાડા આઠ ઈંચ વરસાદ વરસી જતા સવાર સુધીમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. વહેલી સવારે પણ વરસાદ ચાલુ રહયો હતો. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૯ ઈંચ વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના લીધે શહેરના સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. સેકટરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સેકટરોના કોમન પ્લોટ બેટમાં ફેરવાયા હતા. મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર જળબંબાકારની સ્થિતિ વચ્ચે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતુ. વરસાદી પાણીના ભરાવાના લીધે કેટલાક વિસ્તારમાં રહીશો માટે ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ હતુ. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદના છાંટણાં ચાલુ રહયા હતા. વરસાદી પાણીના નિકાલ માટે તંત્રની ટીમ કામે લાગી હતી. જેટ મશીનના આધારે સેકટરો સહીત માર્ગો પરથી પાણીનો નિકાલ કરવાનુ કામ શરૂ કરી દેવાયુ હતુ. તંત્રની કામગીરી બાદ વરસાદે પણ વિરામ લેતા બપોર સુધીમાં મુખ્ય માર્ગો પરથી પાણી ઓસરાઈ ગયા હતા. ગાંધીનગર શહેરમાં સિઝનનો અત્યારસુધીનો વરસાદ ૩૬ ઈંચ નોંધાયો છે.

છેલ્લા પાંચ દિવસથી નગરને તરબોળ કરતા મેઘરાજા આજે આક્રમક મુડમાં વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. ગત રાત્રિના સાંબેલાધાર વરસતા સવાર ૮ વાગ્યા સુધીમાં જ ૮ ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે દિવસ દરમિયાન પણ સાંજે ૫ : ૩૦ કલાક સુધીમાં વરસાદી ઝાપટાના અંતે વધુ એક ઈંચ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદના લીધે સમગ્ર શહેરને વરસાદી પાણીએ ઘમરોળી નાંખ્યુ હતુ. સેકટરોમાં સ્થિત કોમન પ્લોટ બેટમાં ફેરવાયા હતા. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર ઘુંટણ સુધીના પાણી ભરાયા હતા. નગરના મુખ્ય માર્ગો ઉપર પણ વરસાદી પાણીનો વિશેષ ભરાવો જોવા મળ્યો હતો. શહેરમાં સિવિલ હોસ્પિટલના ગેટ પાસે પણ ઘુંટણ

● અનુસંધાન પાન-૭ પર








## ૨૪ કલાકમાં ૯ ઇંચ ખાબક્યો













## ફાયર બ્રિગેડનુ કેમ્પસ જ બેટમાં ફેરવાયુ : કર્મચારીઓ બોટમાં !



શહેરમાં ભારે વરસાદના સંજોગોમાં સેકટરોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા.ત્યારે રાહત બચાવ કામગીરીની જવાબદારી સંભાળતા ફાયર તંત્રની કચેરી પણ બેહાલ બની હતી. સે-૧૭ સ્થિત ફાયર બ્રિગેડની કચેરી સંકુલ જ બેટમાં ફેરવાયુ હતુ. જેના લીધે ફાયર બ્રિગેડના કર્મચારીઓએ સંકુલમાં અવરજવર માટે બોટનો ઉપયોગ કરવાની નોબત આવી હતી. એટલુ જ નહીં પરંતુ વરસાદી પાણીમાં ગરકાવ ફાયર કચેરીમાં કામ કરવાનુ પણ મુશ્કેલ બનતા ફાયરનો કન્ટ્રોલ રૂમનો યુનિટ પોઈન્ટના બસ સ્ટેન્ડ ખસેડી દેવામાં આવ્યો હતો.

## બનાસકાંઠાની મુલાકાતે જતા કોંગ્રેસના બે નેતાઓ પણ કલોલમાં ફસાયા

કલોલનુ પાનસર તળાવ ફાટતા ધોરીમાર્ગ પર પાણી ફરી વળ્યા હતા. ગાંધીનગર જિલ્લામાં પણ ભારે વરસાદની સ્થિતિ છે. તેવા સંજોગોમાં આજે બનાસકાંઠાના પુરગ્રસ્ત વિસ્તારના પ્રવાસે જઈ રહેલા કોંગ્રેસના ભરતસિંહ સોલંકી તેમજ મોહનસિંહ રાઠવા કલોલમાં ફસાતા આખરે અસરગ્રસ્ત વિસ્તારનો પ્રવાસ રદ કરી ત્યાંથી પરત ફર્યા હતા.

## આજે જિલ્લાની તમામ શાળા કોલેજોમાં રજા


ગાંધીનગર જિલ્લામાં ગુરુવારે અતિભારે વરસાદના લીધે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. ત્યારે સમગ્ર શહેરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓને મુશ્કેલીમાં મુકાવવુ ન પડે તે માટે શાળા કોલેજોમા રજા જાહેર કરવામાં આવી છે. અતિભારે વરસાદની આગાહીના લીધે ગાંધીનગર શહેર તેમજ જિલ્લાની તમામ શાળા કોલેજો તા ૨૮ જુલાઈના રોજ બંધ રહેશે તેમ જિલ્લા કલેકટરે જણાંવ્યુ છે.

## લીંબડીયામાં પાણીના નિકાલમાં દિવાલ આડશ બની

ગાંધીનગર નજીકના લીંબડીયા ગામમાં કેનાલ પાસે બ્લોક કરી દેવાતા પાણીનો નિકાલ અટકી જતા ગ્રામજનોએ હોબાળો કર્યો હતો. ભારે વરસાદમાં વરસાદી પાણીનો નિકાલ ન થતા ગ્રામજનો ચિંતામાં મુકાયા હતા. જયારે હાલાકી વેઠતા ગ્રામજનો દ્વારા પાણીના નિકાલમાં આડશ બનતી દિવાલ મામલે રોષ પ્રવર્તયો હતો.

## વાવોલમાં ૨૦૦ ઝુંપડાવાસીઓને સલામત સ્થળે ખસેડાયા

સતત વરસાદના લીધે ચોમેર પાણીનો ભરાવો જોવા મળે છે. ત્યારે નજીકના વાવોલ ગામમાં પણ તળાવ ઉભરાતા પાછળના વિસ્તારમાં સ્થિત કુબેરનગરમાં ઝુંપડપટ્ટીમાં વસવાટ કરતા શ્રમિકોની હાલત દયાજનક બની હતી. ઝુંપડપટ્ટીમાં વસતા ૨૦૦ જેટલા શ્રમિકોને સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યુ હતુ. જયારે સ્થાનિકો દ્વારા શ્રમિકો માટે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.



## પાલજમાં ચાર મકાનોનો પાછળનો ભાગ કોતરમાં ધરાશાયી

ભારે વરસાદના લીધે પાલજમાં પણ દયાજનક સ્થિતિ સર્જાઇ છે. પાલજમાં ચાર મકાનનો પાછળનો ભાગ કોતર વિસ્તારમાં ધરાશાયી થયા છે. જયારે હજુ પણ વરસાદ ચાલુ રહે તો અન્ય ૪૦ મકાનો સામે પણ ખતરો મંડરાયેલો હોવાનો આક્રોશ મહાનગરપાલિકાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ વ્યકત કર્યો છે. તેમણે આ મામલે ગરમીના દિવસોમાં જ માર્ગ મકાન વિભાગને આગોતરી જાણ કરી આ વિસ્તારમાં આર સી સી ના પાળા બનાવવા માટે પણ રજુઆત કરી હતી. શહેરી વિસ્તારના કોતરો પર વસેલા ગામોમાં આ સ્થિતિ નિવારવા માટે યોગ્ય પગલા લેવા માટે જણાંવ્યુ છે. જો આગામી દિવસોમાં આમ નહીં કરવામાં આવે તો ગ્રામજનો ઘરવિહોણાં થઈ જશે તો સરકાર જવાબદાર ઠરશે તેમ પણ વિપક્ષના નેતાએ જણાંવ્યુ છે.

## પેથાપુર વાણિયા વાસમાં મકાનનો એક ભાગ ધરાશાયી

ભારે વરસાદના લીધે શહેરી વિસ્તાર સહીત શહેરના ગામોમાં પણ ચોમેર પાણી પાણી નજરે પડતુ હતુ. ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. વરસાદના લીધે કેટલાક ઠેકાણે ભયજનક દ્રશ્યો સર્જાયા હતા. બીજીતરફ પેથાપુરના વાણિયા વાસમાં પણ એક મકાનનો આગળનો ભાગ ધરાશાયી થયો હતો. જો કે સદનસીબે કોઈને જામહાનિ થવા પામી ન હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com